-: સૌ રા ષ્ટ્ર યુ નિ વ ર્સિ ટી :-

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષાઓમાં કોપી કેઈસ/ગેરરીતિ કેઈસ અંગેની સૂચનાઓ

**પરિપત્ર** :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો/કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ તથા સંચાલકશ્રીઓને જણાવવાનું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાકેન્દ્રોમા પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા શરૂ થતા પહેલા દરેક રુમો સ્વચ્છ છે કે કેમ ? તે ચકાસી લેવા જો કયાંય પરીક્ષા ખંડમાં, બેન્ચ પાસે કે કયાંય કાગળ/ચીઠ્ઠી કે કોઈ પરીક્ષા લક્ષી સાહિત્ય પરીક્ષા ખંડમાં છે કે કેમ ? તેની ચકાસણી પરીક્ષા શરૂ થતા પહેલા સિનિયર સુપરવાઈઝરશ્રીએ કરાવી લેવી અને ત્યાર બાદ જ વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં બેસવા દેવા.

(૧) પરીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપતા પહેલા વિદ્યાર્થીઓના ઓળખ કાર્ડ, પરીક્ષાની હોલ ટીકીટ ચેક કરવા તેમજ તેમની શારીરીક ચકાસણી કરવી. તેઓ પરીક્ષા કેન્દ્ર/પરીક્ષા ખંડમાં કોઈ મોબાઈલ ઈલેક્ટ્રોનીકસ સાધનો કે પરીક્ષાને લગતું સાહિત્ય પરીક્ષા કેન્દ્રમાં સાથે ન લઈ જાય તેની પરીક્ષા કેન્દ્રના પ્રવેશ સ્થળે સૂચના આપવાની તેમજ તેની ખાસ કાળજી સિનિયર સુપરવાઈઝરશ્રીએ રાખવી.

(૨) પરીક્ષા કેન્દ્રમાંના આચાર્યશ્રીઓ / પરીક્ષાના સિનિયર સુપરવાઈઝરશ્રીઓ/ જુનિયર સુપરવાઈઝરશ્રી તેમજ ઓબ્ઝર્વર ટીમ ધ્વારા વિદ્યાર્થીઓના કોપી કેઈસ / ગેરરીતિ કેઈસ / ગેરવર્તણૂંકના સંદર્ભના કોપી કેઈસો પરીક્ષા દરમ્યાન કરવામાં આવે છે. <u>આ કોપી કેઈસો કોલેજના રવાનગી પત્ર સાથે કોપી કેઈસના યુનિવર્સિટીના કોપી કેઈસ/ગેરરીતિ કેઈસના નિયત કરેલ નમુનામાં વિદ્યાર્થીની સહી, જુનિયર સુપરવાઈઝરની સહી, સિનિયર સુપરવાઈઝરની સહી તેમજ ઓબ્ઝર્વરની સહી અને આ તમામ કર્મચારીઓના નિવેદન તેમજ તેમની હોલ ટીકીટની ઝેરોક્ષ નકલ કોપી કેઈસના નિયત નમુનાના ફોર્મમાં કોલેજના પ્રિન્સીપાલની સહી/સિકકા સાથે , કોપી કેઈસના બનાવનું વિડિયો રેકોર્ડિંગ તેમજ સીસીટીવી ફુટેજની સી.ડી. સાથેની માહિતી સાથે મોકલવી જરૂરી છે.</u>

<u>(૩) જુનિયર સુપરવાઈઝર/સીનીયર સુપરવાઈઝરશ્રી/ઓબ્ઝર્વરશ્રીએ કરેલા કોપી કેઈસ રીપોર્ટ યુનિવર્સિટીને મોકલતી વખતે આ રીપોર્ટમાં જરૂરી વિગતો અને પકડાયેલ સાહિત્યમાં સહી–સિકકા અને તારીખ સાથેની વિગતો ભરેલ છે કે કેમ ? તે ચકાસવાની જવાબદારી સીનીયર સુપરવાઈઝરશ્રીની રહેશે. કોપી કેઈસના રીપોર્ટમાં અધુરી વિગતવાળા તથા વિદ્યાર્થીના પુરા નામ સરનામા વગરના કોપી કેઈસો કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.</u>

<u>(૪) કોપી કેઈસ/ગેરરીતિ/ગેરવર્તણૂંકના કેઈસો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નાયબ કુલસચિવશ્રી લીગલ વિભાગને મોડામાં યુનિવર્સિટીના કામકાજના દિવસો દરમ્યાન મોડા બનાવ/ઘટનાના બીજા દિવસે સાંજ ૫–૦૦ કલાક સુધીમાં તાત્કાલીક મોકલી આપવા વિનંતી છે.</u> આ કોપી કેઈસોની બીજી નકલ પરીક્ષા નિયામકશ્રીને અલગ પત્રથી અવશ્ય મોકલવી. પરીક્ષા ગેરરીતિ કેઈસના રીપોર્ટ તૈયાર કરવાની જવબદારી જે તે કોલેજના પ્રિન્સીપાલ/સીનીયર સુપરવાઈઝરની આ જવાબદારી છે તેમાં જેટલી કોલમ આપેલ તે તમામ કોલમ ભરવાના ફરજીયાત રહેશે, આ ફોર્મ વ્યવસ્થિત ભરાય જાય ત્યાં સુધી વિદ્યાર્થીને બેસાડી નિવેદનો લેવાની જવાબદારી અને તેની કાળજી લેવાની જવાબદારી પરીક્ષા કેન્દ્રના પ્રિન્સીપાલ/સીનીયર સુપરવાઈઝરની છે.

-: ૨ :-

<u>(૫) યુનિવર્સિટીની સૂચનાથી–સીસીટીવી કેમેરા ધ્યાને લઈ કોપી કેઈસ થયેલો હોય તો આ વિદ્યાર્થી પરીક્ષા દરમ્યાન શું કરતો હતો અને તેની પાસેથી મળેલ જરૂરી સાહિત્યનો ઉલ્લેખ–સ્પષ્ટતા સાથે વિદ્યાર્થીની સહી, જુનિયર સુપરવાઈઝરની સહી, સિનિયર સુપરવાઈઝરની સહી તેમજ ઓબ્ઝર્વરની સહી તેમજ કોપી કેઈસમાં નિયત નમુનામાં પકડાયેલ સાહિત્ય ઉપર સિનીયર સુપરવાઈઝરશ્રીએ સહી–સિકકો તેમજ તારીખ અચૂક લખવાની રહેશે. ઓબ્ઝર્વર ધ્વારા થયેલા કોપી કેઈસ કરવામા આવેલ હોય તો પણ પરીક્ષા કેન્દ્રના સીનીયર સુપરવાઈઝરે જ કોપી કેઈસનો રિપોર્ટ તૈયાર કરવાનો રહેશે તેમજ તેમાં પણ ગેરરીતિ સાહિત્ય સાથેના રીપોર્ટમાં જરૂરી તમામ વિગતો ભરવાની રહેશે.</u>

<u>(૬) પરીક્ષા કેન્દ્રમાં જો સામુહિક ગેરરીતિ થતી હોય અને પરિસ્થિતિ નિયંત્રણ બહારની હોય તો તેની જાણ તાત્કાલીક આ યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રીને / કુલસચિવશ્રી /કુલપતિશ્રીને મોબાઈલ, ફોન , ફેકસ, ઈમેઈલ ધ્વારા આચાર્યશ્રી–સિનિયર સુપરવાઈઝરશ્રીએ તેમજ ઓબ્ઝર્વરશ્રીએ કરવી જેથી આવા બનાવને નિયંત્રણમાં લાવવા માટે યુનિવર્સિટી ધ્વારા તાત્કાલીક વ્યવસ્થા કરી શકાય.</u>

(૭) કોપી કેઈસના યુનિવર્સિટીના નિયત નમુનાના રીપોર્ટમાં વિદ્યાર્થીનું પુરું નામ ,વિદ્યાર્થી જે કોલેજમાં અભ્યાસ કરતા હતા તે કોલેજનું નામ, વિદ્યાર્થી જે કોલેજમાં પરીક્ષા આપે છે તે કોલેજનું નામ ,વિદ્યાર્થીની પરીક્ષા, વિદ્યાર્થીનો સીટ નંબર,વિદ્યાર્થીનું પત્રવ્યવહારનું પુરુ સરનામું(ગામના પીન કોડ નંબર સાથે), વિદ્યાર્થીનો મોબાઈલ નંબર વિદ્યાર્થીની આપેલ પરીક્ષાની હોલ ટીકીટ તથા કોલેજના ઓળખ કાર્ડની ઝેરોક્ષ વિદ્યાર્થીનું નિવેદન ,જુનિયર સુપરવાઈઝરનું નિવેદન સિનિયર સુપરવાઈઝરનું નિવેદન ઓબ્ઝર્વરનું નિવેદન આ તમામ કોલમો વ્યવસ્થિત નિવેદન સાથેની વિગતો ભરવી.

(૮) પરીક્ષા વિદ્યાર્થી શરીરના કોઈપણ ભાગ ઉપર કે તેમના કપડા–ડ્રેસમાં લખાણ કરેલ હોય તો તેનો પુરાવો ફોટોગ્રાફ લઈ અને સિનિયર સુપરવાઈઝરશ્રી સહીની અને રીપોર્ટ સાથે આ યુનિવર્સિટીને મોકલવો. પરીક્ષા ખંડમાં મોબાઈલ સાથે પકડાયેલ હોય તો મોબાઈલની વિગતો અને તેનો ઝેરોક્ષ કે–ફોટોગ્રાફ સાથેનો રીપોર્ટ મોકલવો.

E. D. A. C. "એકઝામીનેશન ડીસીપ્લીનરી એકશન કમિટિ" ધ્વારા કરવામાં આવેલ કોપી કેઈસના નિર્ણયની–સજાની વિગતો જાહેરનામા પ્રમાણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ <u>www.saurashtrauniversity.edu</u> /circular/ legal ઉપર પ્રસિધ્ધ કરવામાં આવે છે જે તમામ કોલેજોએ પોતાના રેકર્ડ માટે ડાઉન લોડ કરવા વિનંતી છે.

આ પરીપત્રમાં જણાવવામાં આવેલ તમામ સૂચનાઓનું પાલન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આગામી તમામ પરીક્ષાઓ દરમ્યાન તેનો ચૂસ્તપણે અને કાળજી પૂર્વક અમલ થાય તે પ્રમાણે કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

26/4

કુલસચિવ

નં. ક્રમાંકઃ લીગલ/ ૧૯૫ /૨૦૧૯.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ. તા.૨૬–૪–૨૦૧૯.

પ્રતિ,
યુનિવર્સિટી સલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનો/કેન્દ્રોના વડાઓ તરફ...
<u>નકલ સાદર રવાના જાણ માટે</u> :–
૧. કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,
૨. પરીક્ષા નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.